ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરના વિદ્યાર્થીઓની અપેક્ષાઓ આસમાને

**આજે ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું છે ત્યારે શહેરના વિદ્યાર્થીઓ ઉત્સાહમાં જોવા મળી રહ્યા છે. થોડાક અંશે બાળકોમાં ડર છે કે કદાચ ધાર્યા કરતા ઓછા માર્કસ આવશે તો? પરંતુ શહેરની દરેક શાળામાં કરાવવામા આવતી તૈયારી બાળકો દ્વારા વખાણવામાં આવી છે. બોર્ડની પરીક્ષાનો હાઉ શાળામાં અગાઉથી લેવાતી પરીક્ષાથી દૂર થઈ રહ્યો છે. શહેરના દરેક બાળકની અપેક્ષા કંઈક ઉંચી જ છે.**

**● રિતિકા અઢીયા**



દસમા ધોરણમાં આવીને બધા કહેતા શાંતિથી તૈયારી કરજો હું પણ એવું જ માનતી પરીક્ષા વખતે થોડી નર્વસ હતી. બધાની અપેક્ષાઓ મારાથી વધી ગઈ છે. પ્રથમ પેપરમાં થોડી ડરી ગઈ હતી પરંતુ પછી વાંધો ન આવ્યો. ઘરે આવી હું રોજ પેપર સોલ્વ કરતી એ પરથી લાગે છે કે ૯૦ ટકા ઉપર તો આવશે જ. મારે આગળ જઈ કોમર્સ લેવું છે અને વ્યવસાય ક્ષેત્રે આગળ વધવું છે.

**● શ્રુતિ કાનાણી**



દસમું ધોરણ શરું થયું તો બધા કહેતા હતા અઘરું છે. ધીમે ધીમે શાળાની પરીક્ષા આપતા આપતા હાઉ દૂર થયો. બોર્ડના પ્રશ્નપત્રમાં થોડી ઘણી ભૂલ હતી જેના લીધે હું પરેશાન થઈ હતી. પરંતુ મારી મહેનત પ્રમાણે મારે ૯૩ ટકા આવી જશે એવું મને લાગે છે. હું આગળ સાયન્સ લઈને આઈએએસ બનવા માંગુ છે

**● સાવન મોદી**



જે ધાર્યું હોય એનાથી માર્કસ ઓછા આવે તો બધા ડીપ્રેશનમાં આવે છે પણ હું નહીં આવું અનો મારા મતે કોઈએ રીઝલ્ટથી ડરીને કોઈ આડા અવળા પગલાં ન જ લેવા જોઈએ. માર્કસથી કોઈ આગળ નહીં આવે સ્કીલથી આગળ આવશે. મારી શાળામાં ઘણી પરીક્ષા લેવાઈ છે. બોર્ડ પ્રમાણે તૈયારી કરાવાઈ છે. રીઝલ્ટ તો મારું ૯૪ ટકા જેટલું આવશે. મારા મતે 'રિઝલ્ટ તો કાગળના ટુકડા પર આવે છે પણ આપણે તો આપણા માતા પિતાના દીલના ટુકડા છીએ'. મારે સાયન્સમાં બી ગ્રુપ લઈ આઈએએસ બનવું છે.

**● વ્રજ પટેલ**



મને પરિણામનો ઉત્સાહ છે. મારે ૯૦ ટકા ઉપર તો આવશે જ એ નક્કી છે. મારા પિતા કહે છે પરિણામ જે આવશે સારું આવશે. શાળાના પ્રિન્સિપાલનો અને શિક્ષકોનો સપોર્ટ ખૂબ જ રહ્યો. મારે આગળ જઈ સાયન્સમાં એ ગ્રુપ લઈ એરો સ્પેસ એન્જિનીયર બનવું છે.

**● વી.વી. વૈષ્ણવ (પ્રેસિડન્ટ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ)**



વિદ્યાર્થીઓના કહ્યા મુજબ આ વખતે પરીક્ષા સરળ રહી હતી. સમયસર કોર્સ પુરો કરી બાળકો માટે રીવીઝન ટેસ્ટની ગોઠવણ કરી હતી અને ૫ રાઉન્ડમાં બોર્ડની રીત પ્રમાણે પરીક્ષા લીધી હતી એક પરીક્ષામાં બહારની શાળાના વિદ્યાર્થીઓ માટે પણ ઓપન ફોર ઓલ પરીક્ષાની વ્યવસ્થા કરી હતી. મારા મતે બોર્ડનું ૭૦ થી ૭૫ ટકા રીઝલ્ટ આવશે અનો અમારી શાળાનું ૯૯ ટકા રીઝલ્ટ આવે તેવી અપેક્ષા છે.

**● ચેતના બુચ (પ્રિન્સીપાલ શેઠ સી.એમ. હાઈસ્કુલ, સે-૨૩)**



દસમું ધોરણ એટલે વિદ્યાર્થીઓ માટે પ્રથમ બોર્ડ, એટલે છુપો હાઉ તો હોય જ પણ અમારી શાળામાં ૫૦૦ જેટલી વિપુલ સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે અને વર્ષોના અનુભવી નિષ્ણાંતો પાઠયપુસ્તક પર મહદ્ અંશે ભાર આપી આ વર્ષે પણ અમે ૯૦ થી ૯૫ ટકા પરિણામની આશા રાખી રહ્યા છીએ. અમુક વિદ્યાર્થીઓના પરફોર્મન્સ ને જોઈને લાગે છે કે તે એવન ગ્રેડમાં આવશે. પરંતુ દર વર્ષે એકાદ-બે ચહેરા વિચાર્યું ન હોય તેવા જોવા મળે છે જે સારું પરિણામ લાવે છે.

**● ફોરમ પટેલ**



પરીક્ષાના પેપર મને સહેલા લાગ્યા. શાળામાં તૈયારી શિક્ષકો દ્વારા ખૂબ જ સારી રીતે કરાવવામાં આવી હતી મારે ૮૮ ટકા જેટલા આવશે જ મારે કોમર્સ લઈ સી.એ. બનવું છે.

**● અનુજ પટેલ**



દસમું ધોરણ શરૂ થયું ત્યારે એક ડર હતો. પરંતુ શાળાના શિક્ષકોનો ખરેખર સાથ રહ્યો. શાળા દ્વારા લેવાતી પરીક્ષાના લીધે બોર્ડનો હાઉ દૂર થયો. બોર્ડના ગણિતના પેપરમાં ભૂલ હતી પરંતુ મારે ૯૦ ટકા ઉપર માર્કસ તો આવશે જ. મારે સાયન્સમાં એ ગ્રુપ લઈ આગળ વીએફએકસ ડિઝાઈનર બનવું છે.

**● યશ્વી દેસાઈ**



મારા માતા પિતા અને શિક્ષકોને મારાથી ઘણી અપેક્ષા છે. હું તે જરૂરથી પુરી કરીશ. મારી શાળા તરફથી મને ઘણું પ્રોત્સાહન અને સપોર્ટ મળ્યો છે મારે સાયન્સ બી ગ્રુપ લઈ પછી આઈએએસ બનવું છે.

**● દિશાંત ગજ્જર**



મારી પરીક્ષા તો એકંદરે સારી રહી છે. ઘરના દરેકનો સપોર્ટ અનો પ્રોત્સાહન છે. મારા મતે મારો ઓલ ઓવર ગુજરાતમાં પ્રથમ નંબર આવશે એવું મનો લાગે છે. મારે સાયન્સ બાયોલોજી ગ્રુપ લઈ આગળ કાર્ડિયોલોજીસ્ટ બનવું છે.

**● ક્રિષ્ના પ્રજાપતિ**



મને પરીક્ષા આપવાનો ડર ન હતો. મારા સર કહેતા પેપર જુનુનથી લખવું. પરિણામનો ડર તો નથી જ. મને લાગે છે મારે ૯૪ ટકા જેટલા માર્કસ તો આવશે જ મારે આગળ સાયન્સ બી ગ્રુપ લઈ ગાયનોક કે કેન્સર સ્પેશ્યાલિસ્ટ બનવું છે.

**● એશા અખાણી**



દસમા ધોરણમાં આવી ત્યારે બધા કહેતા કે ડરવું જોઈએ. મનો પરીક્ષા પહેલા ડર લાગ્યો હતો પરીક્ષા એકંદરે સારી રહી. જો કે ૮૦ ટકા ઉપર માર્કસ આવે તેવું ધાર્યું છે. મારે સાયન્સ બી ગ્રુપ લઈનો આઈ.એ.એસ. બનવું છે.

**● નિધિ ભલાલા**



મને ઉત્સાહ છે કે રિઝલ્ટ આવી રહ્યું છે. સાથે થોડોક ડર પરંતુ આત્મવિશ્વવાસ વધુ છે. મને માતા અને શિક્ષકોનો સપોર્ટ પૂરેપૂરો રહ્યો હતો. મારે ૯૦ ટકા ઉપર માર્કસ તો આવશે જ. મારે ડોકટર બની સમાજેસાવા કરવી છે. સાથે હું આઈએએસ પણ બનીશ.

**● સ્મિત પંડયા**



મારી પરીક્ષાની તૌયારી સારી હતી. હું ઘરે આવીનો પેપર ચેક નહોતો કરતો પણ પરિણામ માટે હું ઉત્સાહિત છું. બધા ડરાવે છે એવો માહોલ બનાવે છે પરંતુ હું ડરતો નથી. ઘરેથી બધા કહે છે કે તું ઓવર કોન્ફીડન્સમાં ન રહે. મને લાગે છે કે મારે ૯૦ ટકા ઉપર તો આવશે જ. મારે આગળ બી ગ્રુપ લઈ એમબીબીએસ કરવું છે.

## છેતરપિંડીના ગુનામાં નાસતા-ફરતા આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૦

સી.આઈ.ડી.ક્રાઈમ ખાતે નોંધાયેલ છેતરપિંડીના ગુનામાં છેલ્લા ૧૭ વર્ષથી નાસતા-ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી લીધો છે. એલસીબી પોલીસે બાતમીને આધારે કલોલના કલ્યાણપુર ખાતેથી આરોપી રમેશ ખોડીદાસ પટેલને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પોલીસની ટીમના અ.હે.કો. લતીફખાન, અ.પો.કો. રાજવીરસિંહ, અનોપસિંહ અને વિજયસિંહ કલોલ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કો.વિજયસિંહને બાતમી મળી હતી કે સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં નાસતા-ફરતા આરોપી રમેશભાઈ ખોડીદાસ પટેલ રહે. હાલ ૩૦૨ ગોકુલધામ સોસાયટી, પંચવટી, કલોલ જી.ગાંધીનગર મુળ રહે. કલ્યાણપુર કલોલ ખાતે બજારમાંથી પકડી પાડ્યો હતો. આ ઈસમની પુછપરછ કરતા તેની વિરુધ્ધ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ખાતે ઉપરોકત ગુનો નોંધાયેલ છે અને તે ગુનામાં છેલ્લા ૧૭ વર્ષથી નાસતો ફરતો હતો. એલસીબી પોલીસે તેને પકડી તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## દંતાલી ગામથી યુવતિ ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામના ઈશ્વરભાઈ કલાભાઈ દંતાણીની દિકરી નીતાબેન ઈશ્વરભાઈ દંતાણી ગત તા. ૧ માર્ચના રોજ બપોરના એક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી પોતાની મોટી બેનના ઘરે ચાંદેસણા તા.કડી.જી.મહેસાણા જવાનું કહીને કાયંક ચાલી ગઈ છે. જે શરીરે પાતળા બાંધાની રંગે શયામવર્ણી મોઢુ ગોળ છે. જેની ઉંચાઈ આશરે ચાફુટ પાંચ ઈંચ છે. તેણીએ કાળા કલરનું ટોપ તેમજ લાલ કલરની લેંગી પહેરેલ છે. જેના જમણા હાથની કલાઈ ઉપર ત્રણ સ્ટાર અને અન. છુંદણાથી કોતરાયેલો છે તે ગુજરાતી, હિન્દી ભાષા જાણે છે. જે આજદીન સુધી મળી આવી નથી. બનાવ અંગે યુવતિના પિતાએ અડાલજ પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ આપી છે. યુવતિ અંગે જો કોઈને માહિતી મળે તો ગાંધીનગર કંટ્રોલ રૂમ નં. ૦૭૯-૨૩૨૧૦૯૧૪ તેમજ અડાલજ પોલીસ મથક નં. ૦૭૯-૨૩૯૭૧૩૩૫ પર સંપર્ક કરવા જણાવાયું છે તેમજ વધુ તપાસ અડાલજ પોલીસ મથકના અ.હેકો. રતનલાલ બનવારીલાલ ચલાવી રહ્યા છે.

## તમે વૃક્ષો કાપી અમારો છાંયડો છીનવ્યો, હવે અમે કયાં જઈશું?



ગ્રામીણ વિસ્તારોમાં પહેલા જયારે નળિયાવાળા મકાનો હતા અને તે મકાનમાં સિમેન્ટ પ્લાસ્ટરનું ભોંયતળિયું હોયતો ઉનાળાની ગરમીમાં પણ ગજબની ઠંડક આપતું હતું. બપોરના સમયે થાકયા પાકયા ગ્રામજનો આવા ઘરમાં કશું જ પાથર્યા વિના સીધા ફર્શ પર જ સુઈ આરામ પ્રાપ્ત કરતા હતા જે કદાચ આજના એસી રૂમમાં ડબલ બેડ પર પણ નથી મળતો. વળી, તે સમયે આસપાસ વૃક્ષોનું પ્રમાણ પણ વધુ રહેતું જેના છાંયડે ગાય કૂતરાં જેવા પ્રાણીઓ રાહત મેળવી નિંદર માણતા હતા. હવે આપણે લગાતાર વૃક્ષોને કાપતા જઈ રહ્યા છે અને તેમના વિસામા પણ નષ્ટ કરતા જઈ રહ્યા છીએ ત્યારે આ અબોલ પ્રાણીઓ પાસે તડકાથી બચવા આપણા મકાનોમાં ઘુસી આરામ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ગાંધીનગરના બહુમાળી ભવનના ભોંયતળિયે જયાં મનપાના ટેક્ષ વગેરે ઉઘરાવાય છે ત્યાં આરામ કરતા આ શ્વાનો જાણે કહી રહ્યા છે કે 'તમે વૃક્ષો કાપી અમારો છાંયડો છીનવી લેશો તો અમે કયાં જઈશું?' જો કે મૌસમનો તકાજો જોઈ માનવતાના ધોરણે આ શ્વાનોને ત્યાંથી ભગાડવામાં આવતા નથી તે પ્રસંશનીય બાબત કહી શકાય.

## ગરીબ પરિવારોમાં ખાદ્ય સામગ્રી કીટનું વિતરણ કરાયું




પવિત્ર રમજાન માસ દરમિયાન આર્થિક રીતે ગરીબ વર્ગને તેમના કુટુંબોને મદદરૂપ થવા માનવ કલ્યાણ સોશીયલ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા ફતેહવાડી વિસ્તારમાં તેમજ સે. ૨૧ની જુમ્મા મસ્જિદના પેશ ઈમામના દાઉદ અશરફી સાહેબના હસ્તે છાલા ગામના ગરીબ પરિવારોને ખાદ્ય સામગ્રીની કિટનું સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ સંસ્થાના પ્રમુખ એફ.ટી. પઠાણ અને મેનેજીંગ ટ્રસ્ટી યુસુફખાન પઠાણે જણાવ્યું છે.

## ચૂંટણી પ્રચારમાં નેતાઓના વાણી વિલાસને રોકવા ગાંધીનગરના નાગરિકોની બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના અગ્રણી કર્મશીલોની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જે બેઠકમાં તાજેતરમાં લોકસભાની ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય નેતાઓ દ્વારા અભદ્ર વાણી-વિલાસ તથા ધિક્કારની લાગણી પ્રસરાવતા નિવેદનો કરવામાં આવ્યા હતા તે અંગે ચિંતા વ્યક્ત કરી તેનુ પુનરાવર્તન ના થાય તે હેતુથી ચૂંટણી પંચના મોડેલ કોડ ઓફ કન્ડકટમાં સુધારાઓ કરવાની જરૂરિયાત પર વિચારણા કરવા ગાંધીનગરના નાગરિકોની બેઠક યોજવાનું નક્કી કર્યુ છે. આ બેઠક આગામી તા. ૧લી જુનના રોજ સવારે ૯ કલાકે સેક્ટર-૨૧માં પ્લોટ નં. ૭૯૦-એ માં નમન એપાર્ટમેન્ટ ખાતે સિનીયર સીટીઝન કાઉન્સિલ કચેરી ખાતે યોજાશે. આ બેઠક અંગે રસ ધરાવતા સૂચનોને લેખિત સ્વરૂપમાં લઈને બેઠકમાં આવવા જણાવાયુ છે. બેઠકમાં વિવિધ સામાજિક, સ્વેચ્છિક સેવાભાઈ સંસ્થાઓ સહભાગી થઈ ઉપસ્થિત રહે તે માટે જાહેર વિનંતી કરવામાં આવી છે. બેઠકમાં અરૂણ બુચ, જયોતીન્દ્ર દવે, ભાનુભાઈ પુરાણી, એચ.બી. વરીયા, હસમુખભાઈ શાહ, રવિન્દ્રભાઈ દવે, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી તથા સુધિર દેસાઈ જોડાયા હતા.

## કરણી સેનાના ગુજરાત પ્રદેશ કાર્યકારી પ્રમુખપદે પાવર લિફટીંગ ચેમ્પિયન કર્ણદેવસિંહ જાડેજાની વરણી

ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા ભારતના જાણીતા પાવર લિફટીંગ ચેમ્પિયન ખેલાડી કર્ણદેવસિંહ જાડેજાની ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે કરણીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડી તથા ઉપાધ્યક્ષ રાજ શેખાવતના હસ્તે પ્રશસ્તિ પત્ર આપી સમાજને એક કરવાની તેમજ સમાજ માટે કાર્ય કરવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કર્ણદેવસિંહ જાડેજા ૨૦૨૦માં રમાનાર આગામી આંતરરાષ્ટ્રીય પાવર લિફટીંગ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાના છે. તેઓ અનેક સામાજિક સંસ્થાઓમાં હોદ્દેદાર તરીકે સેવાઓ આપવા સાથે નવનગર ક્રિકેટ એસોસિએશનના સભ્ય પણ છે. સામાજિક કાર્યોમાં દાન આપવામાં પણ અગ્રેસર રહેતા કર્ણદેવસિંહ રાજપૂત સમાજના યુવા ખેલાડીઓને સ્વખર્ચે તાલીમ આપે છે અને તેમને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમવા મોકલી પ્રોત્સાહિત કરે છે. કર્ણદેવસિંહ જાડેજાની ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ તરીકેની વરણીને રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષો યોગેન્દ્રસિંહ કટાર અને રાજ શેખાવતની સહમતી પ્રાપ્ત થઈ હતી.

## મેદરા કેનાલમાંથી ૧૮ વર્ષિય યુવકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર જિલ્લાના મેદરા ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ૧૮ વર્ષિય યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ગત રોજ યુવકે મેદરા નર્મદા કેનાલમાં આપઘાત કરી લીધો હતો.

ડભોડા પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જામળા ગામનો યુવક સંજય જગાજી ગોહિલ ઉં.વ.૧૮ પોતાના મોસાળ મેદરા ગામે બે દિવસ પહેલા જ આવ્યો હતો. ત્યારબાદ ગઈકાલે અચાનક તેણે નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હતું. સોમવારે યુવકનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં કયા કારણોસર આપઘાત કર્યો તે જાણી શકાયું નથી. બનાવ અંગે ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વર્લ્ડ રગ્બી રેફરી-કોચીઝ સેમિનાર યોજાયો




ગાંધીનગરની ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે રવિવારે રગ્બી ફુટબોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા રગ્બી ઈન્ડિયાના સહયોગથી વર્લ્ડ રગ્બી રેફરી એન્ડ કોચીઝ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ૧૫ અધિકારીઓએ ભાગ લીધો હતો જેમને રગ્બી ગુજરાતના જનરલ સેક્રેટરી દીપ રાવલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વૃધ્ધાશ્રમના વડિલો અને આંગણવાડીના બાળકો માટે સેવા કાર્યો





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના વૈદિક પરિવાર દ્વારા શ્રી જલિયાણ સેવા ગૃપના સંયુક્ત ઉપક્રમે ઉનાળાની ગરમીમાં વૃધ્ધાશ્રમના વડિલો તથા આંગણવાડીના શ્રમજીવી પરિવારોના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને રાહત પહોંચાડવાના હેતુથી રવિવારે સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તેમને માથે પહેરવાની ટોપીઓ પુરી પાડવામાં આવી હતી. આ સાથે વડિલો તથા બાળકોને ફુડ પેકેટ્સ અને ચોકલેટ્સ પણ આપવામાં આવ્યા હતા. આ સેવા કાર્યમાં જલિયાણ સેવા ગૃપ મુખ્ય કાર્યકરો પાર્થ ઠક્કર, નિલેશ પુજારા, અમિત હાલાણી, ઉશાંગ પારેખ તથા વિનુભાઈ ઠક્કર ઉપરાંત વૈદિક પરિવારના મહેન્દ્રભાઈ ગાંધી તથા અતિથિ સ્વરૂપે સ્વામી હરિશ્વરાનંદ સરસ્વતી પધાર્યા હતા. આ સેવાકાર્યમાં સેકટર-૬ના ક્રિશ્ના વૃધ્ધાશ્રમના વડિલો તથા સેક્ટર-૨૩ અને સેકટર-૧૪ની આંગણવાડીઓના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને આવરી લેવાયા હતા.